# સંકલિત જીવાત વ્યવસ્થાપન તાલિમ કાર્યક્રમ

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગે સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા જીલ્લાના ખેડૂતો માટે તા: ૦૩/૧૦/૨૦૧૬ થી ૦૬/૧૦/૨૦૧૬ દરમ્યાન તાલિમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. જેમાં કુલ ૪૦ ખેડૂત ભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું  સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા લંબાણપુર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. વિવિધ જીવાતોનું સંકલિત જીવાત વ્યવસ્થાપન કરી ઓછામાં ઓછા કૃષિ રસાયણોનો ઉપયોગ થાય તથા પાક સંરક્ષણ ખર્ચ ઘટે તેમજ ગુણવત્તાસભર અને રસાયણમુકત ખેત ઉત્પાદન મેળવી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા અને પ્રાયોગિક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.











અનાજ કે મગફળીનો સંગ્રહ કોથળામાં કરવાનો હોય
તો ડેલ્ટામેથ્રીન 2.8 ઇસી 8 મિ.લિ. અથવા
સાયપરમેથ્રીન 25 ઇસી 1 મિ.લિ. અથવા મેલાથીઓન
50 ઇસી 2 મિ.લિ. દવા એક લિટર પાણીમાં ભેળવી
કોથળાની બહારની બાજુએ છંટકાવ કરવો. કોથળાને
છાંયડામાં કે પંખા નીચે સૂકવીને ઉપયોગમાં લેવા.
ઉપરોક્ત દવાનો છંટકાવ ગોડાઉનની દિવાલો,
ભોંયતળિયા અને છત ઉપર અનાજનો સંગ્રહ કરતા
પહેલાં અને ત્યારબાદ દર બે


